# કામવહાલી અને હાડવહાલી

– ઈશ્વર પરમાર

એક હતું ગામ. ગામમાં ઘર. એ ઘરમાં બે બહેનો રહે. એક હતી કામવહાલી અને બીજી હતી હાડવહાલી. કામવહાલી તો વહેલી વહેલી ઊઠે અને કામ કરવા લાગે. હાડવહાલી તો પથારીમાં પડી રહે છેક બપોર સુધી ! બગાસાં ખાતી રહે, આળસ મરડતી રહે અને આળોટ્યા કરે.

એક દી કામવહાલી કૂવે ગઈ – પાણી ભરવા. કાખે લીધો ઘડો ને હાથે લીધું દોરડું. દોરડેથી ઘડો બાંધીને નાખ્યો કૂવામાં, ત્યાં તો દોરડું ગયું તૂટીને ઘરડો કૂવામાં ! હવે શું કરવું ?

કામવહાલી તો હાથમાં બચ્યું હતું તેટલું દોરડું કૂવાને કાંઠે બાંધીને ઊતરી કૂવામાં. ઊતરીને જોયું તો એમાં જ મળે પાણી ને ન મળે ઘડો ! સામે એક રસ્તો દેખાયો. એ તો એ રસ્તે ચાલવા મંડી. રસ્તે આવ્યું ઘર. ઘરની બહાર એક દાદાજી બેઠા હતા.

દાદાજી કહે : 'આવ દીકરી, આવ; મને ખબર છે કે તારો ઘડો ખોવાઈ ગયો છે. એ હું તને પાછો આપીશ હોં ને ? પણ તારે ત્રણ દી' મારું ઘરકામ કરવું પડશે. જો તું સરસ કામ કરીશ તો હું તને રાજી કરીશ. જા, મારા માટે પોચી પોચીને ચોખ્ખી પથારી તૈયાર કરી દે.'

કામવહાલી તો ઘરમાં ગઈ. ગાદલાં–ગોદડાં ઝાડટ્યાં. મજાની પોચી પોચીને ચોખ્ખી પથારી દાદાજી માટે તૈયાર કરી આપી. દાદાજી તો તરત પથારીમા ઊંઘી ગયા.

કામવહાલીને તો કામ કરવું બહુ ગમે. એણે તો આખું ઘર ચોખ્ખું કર્યું. રસોઈ કરી. દાદાજીનાં કપડાં સાંધ્યાં. આમ કામવહાલી કરવા જેવાં કામ શોધે ને ચૂપચાપ કરે.

એક દિવસ, બે દિવસ ને ત્રણ દિવસ પસાર થઈ ગયા. દાદાજીએ એને બોલાવી : 'બેટા, તેં મને ખૂબ મદદ કરી છે. જો, આ રહ્યો તારો ઘડો. એ મેં આખો રૂપાના સિક્કાથી ભરી દીધો છે અને આ બે હીરાની બુટ્ટી. એ છે મારી યાદગીરી.'

પછી તો દાદાજીએ તાળી પાડી, એક...બે અને ત્રણ, એટલામાં કામવહાલી તો પહોંચી ગઈ પોતાને ઘેર ! એણે તો આ બધી વાત પોતાની બહેન હાડવહાલીને કરી. એને પણ આવું ઇનામ લેવાની મરજી થઈ.

બીજે દી' હાથમાં ઘડો લઈને એ તો ઊપડી ગઈ કૂવે. ઘડો ફેંક્યો કૂવામાં અને કાંઠે દોરડું બાંધીને પોતે ઊતરી કૂવામાં. દેખાયો રસ્તો, માંડી એ તો ચાલવા. આવ્યું ઘર. ઓટલે બેઠા'તા દાદાજી. દાદાજી કહે : 'આવી દીકરી, આવ, તારે કેમ આવવું પડ્યું ?'

હાડવહાલી કહે : ‘હું તો આવી છું કામ કરવા અને એના બદલામાં ઇનામ લેવા.’ દાદાજી કહે : ‘સારું, સારું. જા મારા માટે પોચી પોચી ને ચોખ્ખી પથારી તૈયાર કરી દે. પછી રસોઈ બનાવ. ઘર ચોખ્ખું કરજે ને હા, મારો કોટ સાંધી દેજે.’

હાડવહાલીએ તો ઊડઝૂડ પથારી કરી. મનમાં કહે : ‘હું કંઈ અહીંયાં હેરાન થવા નથી આવી. દાદાજી તો ઊંઘી જશે એટલે એને થોડી કંઈ ખબર પડશે કે મેં કામ કર્યું છે કે નહીં !’



દાદાજી તો સાચોસાચ ઊંઘી ગયા. એ તો જાણે કંઈ જ જોતા ન હતા. હાડવહાલી તો ગઈ રસોડામાં. રગડા જેવું કંઈક બનાવ્યું અને વીંછળ્યા વગરના વાટકામાં ભરી દીધું.

હાડવહાલી હવે પેલો કોટ સાંધવા બેઠી. એણે આવું કામ કોઈ દી ઘરમાં તો કરેલું નહીં. આંગળીમાં સોય વાગી. વળી એ મનમાં કહે : ‘હું અહીંયાં હાથ વીંધવા નથી આવી. દાદાજી તો ભલા દેખાય છે. મને કંઈક તો આપશે જ ને !’

જમવાનો સમય થયો. દાદાજી રસોડામાં આવ્યા. એમને પેલો વાડકો હાડવહાલીએ આપ્યો. દાદાજી તો હોંશે હોંશે વાટકામાંનો રગડો પી ગયા. ઘરમાં નજર કરીને દાદાજીએ જોઈ લીધું કે ઘરમાં સાફ થયું નથી અને કોટ પણ સંધાયો નથી.

આમ ને આમ એક દિવસ, બે દિવસ અને ત્રણ દિવસ પસાર થઈ ગયા. ત્રીજે દિવસે હાડવહાલી તો ગઈ દાદાજી પાસે. જઈને કહે, ‘હવે મને ઘેર જવા દો. મેં આટલા દી કામ કર્યું છે એટલે મને કંઈક આપો.’

દાદાજી કહે : ‘ભલે , ભલે, તને કંઈક તો આપીશ જ હોં ને !’ દાદાજીએ ચાંદીનો સળિયો આપ્યો. એ સળિયાનાં છેડે હીરા લટકતા હતા. પેલો ઘડો પાછો આપ્યો. પછી પાડી તાળી એક, બે ને ત્રણ !’

હાડવહાલી તો આવી પહોંચી પોતાને ઘેર. એ એની બહેનને કહે : ‘તું તો એક મુઠ્ઠી સિક્કામાં રાજી થઈ ગઈ હતી. જો તો ખરી મને શું મળ્યું છે તે ?’

આમ કહીને એણે ઘડામાં જોયું તો એમાં હતું પાણી ! પેલો ચાંદીનો સળિયો અને હીરા એમાં નહોતા દેખાતા. પાણીમાં તરતા’તા તોડાક બરફના ટુકડા !

■